SAMVAD E-JOURNAL
ISSN (Online) :2583-8334
(International Peer-Reviewed Refereed Journal) Volume 3, Issue-5, Oct-Nov-Dec : 2025
Published by Rangmati Publication, jamnagar https://www.rangmatipublication.com

# ગુજરાતી ટૂંકીવાર્તામાં સ્ત્રીજીવનનાં બદલાતાં રૂપોનું આલેખન

ડૉ. પન્ના ત્રિવેદી

આઠમો દાયકો સમસ્ત વિશ્વ માટે અત્યંત મહત્વનો દાયકો પૂરવાર થયો છે. 'વૈશ્વિકીકરણ' જેવા એક શબ્દએ અનેક ક્ષેત્રમાં ઉથલપાથલ સર્જી છે. આ સમયગાળામાં અનેક નવ્ય વિચારધારાઓ જન્મી. જેમાંની એક તે નારીવાદ. નારીચેતના એ આખરે તો એક નારીવાદના આંદોલનના પરિણામ સ્વરૂપે મળેલું સુફળ છે. જેના કેન્દ્રમાં સ્ત્રીના અલાયદા અસ્તિત્વનો સ્વીકાર, અભિગમ રહેલ છે. એટલે જ તો 'નારી' શબ્દ સાથે જોડાયેલ શબ્દ 'ચેતના'નું મહત્વ છે ! ચેતનાનો અર્થ થાય છે સભાનતા, જાગૃતિ. બાહ્યની સાથે આંતરિક સભાનતા, સ્થૂળની સમાંતરે સૂક્ષ્મ સભાનતા. યુગોથી પરંપરાએ ઠસાવી દીધેલા સફેદ જુઠાણા કે અજ્ઞાન સામેની જાગૃતિ. હા, હિમાંશી શેલત કહે છે તેમ લૈંગિક ભેદના કારણે સ્ત્રીને કોઈ અન્યાય કે અત્યાચારના ભોગ બનવું પડે કે તેનો દરજ્જો નીચો ગણવામાં આવે તો તે નારીવાદી વિષય વસ્તુ બની રહે.

ગુજરાતી ટૂંકીવાર્તામાં પણ સ્ત્રીજીવનના બદલાતાં રૂપોનું આલેખન સમયે સમયે થતું રહ્યું છે. ખાસ તો અનુઆધુનિક સમયગાળામાં.કેટલીક એવી ટૂંકીવાર્તાઓની આ સંદર્ભે ચર્ચા કરીએ.ઈલા આરબ મહેતાની વાર્તા 'શમિક, તું શું કહેશે?'માં જાહેર રસ્તા પર સ્ત્રીને રોજબરોજ સહેવી પડતી મશ્કરી અને હલકી મજાકનું આલેખન થયું છે. રોજબરોજ બનતી જતી આ ઘટનાઓને આપણો સમુદાય નજરઅંદાજ કરતો આવ્યો છે. સ્ત્રીદેહને ઘરની બહાર નીકળતા જ અશ્લીલ ભાષા અને ચેનચાળા વીંટળાઈ વળે છે. દુર્ભાગ્યવશ આ બધું સામાન્ય બની ગયું છે ત્યારે નાયિકા પ્રતિકાર માટેનો મક્કમ નિર્ધાર કરે છે .વંદના ભટ્ટની 'કીર્તિમંદિર' વાર્તામાં પતિ વડે થતા બળાત્કારની ઘટના બાદ સ્ત્રીની દઢતાનું નિરૂપણ જોઈ શકાય છે. સ્ત્રી હવે સમજતી થઇ છે કે લગ્નના નામમાત્રથી જ 'પતિ' નામના વ્યક્તિને દેહસંબંધનો અધિકાર નથી મળી જતો. પોતાની ઈચ્છા – અનિચ્છાનું પણ એટલું જ મહત્વ છે. એટલે જ લગ્ન બાદ થોડા જ દિવસોમાં પિયર પરત ફરતી પુત્રીને મા જ્યારે સવાલ પૂછે છે ત્યારે તેના જવાબમાં દીકરી નિ:સંકોચ કહે છે : "એકવાર મેં પહેલ કરી એનો અર્થ એ નહીં કે રોજ મારા પર બળજબરી...મરી જઈશ પણ ..." એ જ સમયે મા ઉલ્ટી કરવા દોડે છે ત્યારે વરસોથી જડ પતિને વેઠતી માની પીડા દીકરી સમક્ષ આવે છે. માએ વેઠ્યું છે પણ આ સમયની દીકરી હવે વેઠવા તૈયાર નથી. સ્ત્રી 'સૌન્દર્ય' કરતા પોતાના અસ્તિત્વ સ્વીકાર માટેની પસંદગી પરત્વે સભાન બની છે.. કંદર્પ દેસાઈની 'ખાલી ફ્રેમ' વાર્તામાં ભ્રૂણહત્યા સામે એક અવાજ ઊઠે છે. ઉષા ઉપાધ્યાયની વાર્તા 'હું તો આ ચાલી'માં પુરુષસમાજ વડે સ્થપાયેલ વ્યવસ્થાથી સ્ત્રીને પોતાના નિજી વ્યક્તિત્વને દબાવી દેવાની એક લાચારી જરૂર છે પણ અહીં વાસણ માંજવા જતી નાયિકા વીંછી ડંખથી ચઢેલ ઝેરથી દિવાસ્વપ્નમાં પણ છુટકારાનો-મુક્તિનો અનુભવ કરે છે.

વિજય શાસ્ત્રીની વાર્તા 'રુકમણી હિંમતલાલ દવે'માં રમેશ નામના છોકરાં સાથે દીકરીએ ભાગીને લગ્ન કરી લીધા છે તે જાણ્યા બાદ મા એક અલાયદો રાજીપો અનુભવે છે. અતીતમાં રમેશ નામના યુવાનને નહીં પરણી શકેલી મા પોતાની જેમ પોતાની દીકરીના ઓરતા અધૂરા ન રહેવામાં જ જાણે પોતાની પૂર્ણતા શોધે છે. નામમાત્રથી રચાયેલ આ સંનિધિ રસપ્રદ છે. તારિણીબહેન દેસાઈની 'મહાલક્ષ્મી' વાર્તામાં વિધવા પુત્રવધુને પુત્રના લગ્ન વખતે સામાજિક રીતિરીવાજોને ફગાવતી જૂની પેઢીની સાસુ જાતે જ વિધવા વહુને પોંખવા મોકલે છે. તેમની અન્ય એક વાર્તામાં 'હીરાના હારની કિમત'માં એકચક્રી શાસન ચલાવતી સાસુને પડકાર છે. પોતાના પુસ્તકો–નોટોની મદદથી અધૂરું ભણતર આગળ ધપાવાની પ્રેરણા આપતી શ્રુતિ કહે છેઃ "દબાય એને તો સૌ દબાવે.'આ વિદ્રોહ, સભાનતા માત્ર શહેરની ઊંચી ઇમારતો સુધી જ નહીં પણ તળપ્રદેશના ઝૂંપડા સુધી કે શહેરમાં વસવાટ કરતી નિમ્નવર્ગીય લોકવસ્તી સુધી પણ પહોચ્યો છે. બિંદુ ભટ્ટની વાર્તા 'મંગલસૂત્ર'ની અભણ

નાયિકા નિકમ્મા એવા બળાત્કારી પતિનું મંગળસૂત્ર વેચી દઈને ધરાર દીકરીને કામ પર પોતાની સાથે લઇ જાય છે. મણિલાલ હ.પટેલની 'મગન સોમાની આશામાં નાયિકા અભણ છે છતાં ઘર ત્યજવાની દૃઢતા દાખવી શકે છે.

કારકિર્દીના કારણે એક અન્ય વલણ પણ જોવા મળે છે. એ કહેવું પણ ઠીક રહેશે કે સ્ત્રી 'માતૃત્વ' શબ્દ સાથે પોતાને અવિનાભાવી સંબંધે જોડતી હતી. પણ હવે ગુજરાતી વાર્તામાં તેના બદલાતા જતા વિચારભાવોનું પ્રતિબિંબ ઝિલાવા લાગ્યું છે. હરીશ ખત્રીની એક વાર્તામાં પતિને બાળક ઝંખના છે પણ પત્ની કારકિર્દીના કારણે બાળક વાંછતી નથી. ઈલા આરબ મહેતાની 'ચોથો પાયો' આ સંદર્ભે તરત યાદ આવે. વાર્તામાં નોકરિયાત પતિ-પત્ની બંનેને બાળકનું આગમન અવરોધરૂપ લાગે છે. ક્યાંક સૌન્દર્યના સભાનતાને લીધે કે ક્યાંક કારકિર્દીના કારણે પણ ઉછીની કુખ લેવાના વિષયો પણ ગુજરાતી નવલિકાએ ઝિલવા માંડ્યા છે. રમેશ ર. દવેની 'કંઠે હાલરડાંના રૂંધ્યા કપોત' વાર્તામાં 'ખામી' પરત્વે કોઈ જ ફરિયાદ નથી બલ્કે પતિના પિતરાઈનું સિમેન્સ લેતી નાયિકા આવનાર બાળકના ચહેરા-મહોરાની કલ્પનામાં ખોવાતી જોઈ શકાય છે. નોકરી કરતી સ્ત્રીનું સન્માન તો વધ્યું પણ પરિવારના શોષણનો ભોગ બનતી સ્ત્રી હવે બાહ્ય-સમાજના લોકોના શોષણનો પણ ભોગ બનવા લાગી. ક્યાંક લાચારી છે તો ક્યાંક મરજી છે. ક્યાંક તેના સહુથી સુરક્ષિત ઝોન એવા 'ઘર'માં પણ પરિજનોથી અસલામત રહી છે તો ક્યાંક યેનકેન કારણે બહાર અવૈદ્ય સંબંધ સ્થાપતી સ્ત્રી ગુજરાતી નવલિકામાં નિરુપાઈ રહી છે.

યુગોથી જે વિષય સ્ત્રી માટે અસ્પૃશ્ય લેખાતો હતો તે અછૂતતાની સાંકળ તોડી તે વિષે બેધડક વાત કરતી થઇ. પોતાની જાતીય ઈચ્છા – અનિચ્છા સંદર્ભે ચૂપ્પી તોડતી થઇ. ક્યાંક લેસ્બિયન કે સમલૈંગિક સંબધનો સ્વીકાર પણ છે. પોતાની તૃપ્તિ –અતૃપ્તિ વિષે વાત કરે છે. હર્ષદ ત્રિવેદીની 'આઢ' વાર્તામાં એક નાયિકાને બીજા પુરુષ સાથે સમય ગાળવાની સગવડ કરી આપતી બીજી સ્ત્રી છે અને તે વિશેષ એ છે કે એક વૃધ્ધા છે. પોતે જે અત્યાર સુધી દમિત કરી રાખ્યું તેવી હાલત અન્ય કોઈ સ્ત્રીની ન થાય તેમ તે ઈચ્છે છે. ગુજરાતી નવલિકામાં એવું ચિત્રણ પણ હવે પ્રાપ્ત થાય છે જેમાં શારીરિક સંતોષ પામી ન શકતી સ્ત્રી પરપુરુષ પાસે જતા ખચકાતી નથી.

નવોદિત સ્ત્રી વાર્તાકારો પણ બદલાતાં સ્ત્રીજીવનના રૂપોને આલેખી રહ્યાં છે. રક્ષાબારૈયાની'જીરાનો વઘાર' વાર્તામાં આરંભે ઉકળાટ અને બફારાથી ત્રસ્ત નાયિકા તેની આંતરિક તેમજ બાહ્ય સ્થિતિનો નિર્દેશ કરે છે. રીનીની દૃષ્ટિ ચાંચ ઘસતા કાગડા પર પડે છે. શું કારણ છે? કે આદતવશ – ? અહીં જાત સાથે, પરિસ્થિતિ સામે સમાધાન કરતી, અસહ્ય બનતી એ જ પરિસ્થિતિ સામે હામ ભીડતી, જેના અતીત અને વર્તમાન વચ્ચે જાણે કોઈ ફેર જ નથી એવી સ્ત્રી દાંપત્યજીવનના કોઇપણ પ્રકારના રોમાંચ વગર જીવન પસાર કર્યે જાય છે. પતિગૃહ હોય કે પિતૃગૃહ – ઘરના પુરુષની એ જ વારસાગત આદતો વચ્ચે મા સાથે દીકરીએ દિવસો વિતાવ્યા છે. તે યાદ કરે છે કે મમ્મીએ બનાવેલી કોઇપણ વાનગીની પ્રશંસા પપ્પાએ ક્યારેય કરી હોય, હર્ષ દેખાડ્યો હોય પણ એવું કશું જ ધ્યાનમાં આવતું નથી. 'કોણે બનાવ્યું?' કોઈ જ પડપૂછ નહીં. કોઈ હરખ નહીં, કોઈ ઉત્સાહ નહીં. પણ હંમેશા રીનીએ પપ્પાને ખાવાની મજા લેતા જોયા છે. જીવનમાં પહેલી જ વાર જ્યારે પોતે વડાં બનાવેલા ત્યારે દાદીને રસ પડેલો. દાદીને રસ પડવાના પણ કારણો હતા જે સ્થૂળ નજરે જોઈ શકાતા નહોતા. એ અનુભવી સ્ત્રીની પાકટ આંખમાં એક નિરાંત હતી – 'રસોડું સંભાળી લેશે.' પરંપરાનો એક કરુણ સૂર અહીં દબાયેલા અવાજે રણઝણતો સંભળાય છે. કોઈકના 'ઘરને સંભાળી' લેતી રીની પોતાને વિખેરી નાંખે છે. પપ્પાના ઘરમાં તો પોતાની પાકકલાને વખાણનારા કમસેકમ નાની બહેન કે મમ્મી તો હતાં ! સુમિતના ઘરમાં પ્રસંશાને સ્થાને અવિરત અવહેલના પ્રાપ્ત થાય છે. આ રીની આધુનિક છે, આજના સમયની યુવતી છે અને છતાં બધા કરતા નોખી છે. તેને 'પોતાના અલાયદા ઓરડા'ના, નોકરી કરીને પગભર બનવાનાં, સત્તા સ્થાપનના કોઈ કોડ નથી. તેની પાસે એક નાનકડું સ્વપ્ન હતું. ઘરમાં, પોતાનું વ્યક્તિત્વ જેને કારણે છે તેવા કૌશલ્યની આગવી ઓળખને પારખનાર કોઈક સ્નેહાળ આંખની આશા સાથે સંસારમાં પ્રવેશી હતી. ઘરકામ કરીને ખુશ રહેવાના અને રાખવાના સાવ સાધારણ સપના છે. ઘરને સંભાળી લઈને ખુશ રહેવું છે. શહેરમાં પતિ સુમિત સાથે અલાયદા રહેવા આવવાનું બને છે ત્યારે સપનાના રંગો પરથી એક પછી એક રંગ ઉતરતા જાય છે જાણે. બીજી સ્ત્રીઓ સાથે સતત સરખામણી કરતો, તુલના કરતો પતિ તેની અવહેલના કરતો રહે છે. પતિનો પ્રેમ મેળવવા તે ભાત ભાતની રસોઈ બનાવીને ખુશ કરવાનો પ્રયાસ કરતો જાય છે. પણ પત્નીમાં નિરંતર ઉણપ શોધતો પતિ તેના સ્વપ્નોને રોળતો રહે છે. એવામાં નવા રહેવા આવેલા બંગાળી પાડોશીને ત્યાં જમવા ગયેલ પતિ બાનુના હાથની રસોઈના વખાણ કરતા થાકતો નથી. એ ઘટનાથી હાર માનવને બદલે રીનીને પતિના જીવનમાં અને એ રીતે પોતાના જીવનમાં ઉત્સાહ ભરવાનો જાણે નવો કીમિયો મળી જાય છે ! રોજ રાઈના વઘારને સ્થાને જીરાનો વઘાર કરે છે. એ નિમત્તે જીવનમાં કશુંક નવું

ભરવાનો પ્રયાસ કરે છે. પણ 'અખતરા ન કરવાની સલાહ આપનાર' પતિ દાહકતાનો અનુભવ કરાવે છે. ત્યાં જ સોસાયટીમાં થયેલ ફનફેરનું પ્લાનિંગ તેની ભીતર રહેલા પાક કૌશલ્યને નવી દિશા આપવામાં પ્રેરણા અર્પે છે. હવે રસોઈ માટેનો પોતાનો બ્લોગ રચતી રીની વર્ચ્યુલ જગતમાં લોકપ્રિયતા મેળવે છે પણ વાસ્તવ જીવનમાં? અહીં પણ પારકા ભાણાનો લાડુ વધુ મોટો લાગે એ જ માનસિકતા ! વર્તમાનની ક્રિયાઓ વચ્ચે ઊઘડતા રહેતા અતીતની પ્રયુક્તિ રસપ્રદ છે. ચાંચ ઘસતા કાગડા સાથે જીવનની રોજીંદી એવી નીરસ ઘરેડનું સૂચન છે. આપણે ત્યાં કહેવાય છે કે કાગડો વિષ્ટિ પર જઈને જ બેસે. ચાંચ ઘસતો કાગડો અહીં એ સંદર્ભે મુકાયો છે? કાગડો રુક્ષતા કે જડતાના સંદર્ભે પ્રતીકાત્મક સ્તરે મૂકાયો છે તે વર્તાંતે વધુ વેધક અનુભવાય છે.

કુંજલ પ્રદીપ છાયાની 'ગંગા સ્વરૂપ' વાર્તામાંદાંપત્યજીવનના પંદર વર્ષ સુધી પતિ સાથેના સહજીવન બાદ ઘરમાં – મનમાં –તનમાં એક પ્રશ્ન સતત ઊઠે છે, પડઘાય છે, તેની ભીતર ડંખે છે. એ સવાલ છે – 'નવું શું છે?' ઊગતા આથમતા દિવસ -રાત વચ્ચે પોતાના લાઈફ પાર્ટનરમાં આભાસી એવી માદક સ્ત્રી કાયાની આકૃતિ શોધતા પતિને કારણે પત્ની દૂર થતી જાય છે. આ વાર્તાની સ્ત્રી ઘરરાખ્ખું એવી કોઈ ગૃહિણી નથી. પોતાના પગભર ઊભી રહેલી નોકરી કરતી સ્ત્રી છે. જે એક રાષ્ટ્રીય બેંકમાં નોકરી કરે છે. પતિએ કરેલ હળવી મજાક સંદર્ભે એવી સ્ત્રીના મનમાં એક વેધક પ્રશ્ન ઊઠે છે – 'એવી જ ઉણપ મને, પત્નીને નહીં લાગતી હોય?' આ પ્રકારનો પ્રશ્ન, આવી વેદનાજન્ય સભાનતાની અનુભૂતિ આ વાર્તાને નારીવાદી વાર્તા રૂપે ઓળખ અપાવે એમ છે. પણ વાર્તાની કેન્દ્રગતિ ભિન્ન છે. વાસ્તવમાં વાર્તા અહીંથી જ આરંભાય છે. ભારતીય પરંપરાને અનુસરતી આ સ્ત્રીએ એક પત્ની તરીકેના તમામ કર્તવ્યો નિભાવતા, જીવનને સમર્પિત કરી દેવામાં પોતાના અસ્તિત્વની સાર્થકતા જોઈ છે. એવી નાયિકાને લગ્નજીવનના પંદર વરસ પછી અચાનક પત્નીમાં અને દાંપત્યજીવનમાં 'નવીનતા' શોધતા પતિથી એક ધક્કો વાગે છે. મનોમન ધૂંધવાઈ ઊઠેલી પત્ની પતિની જેમ એવા જ વર્ચ્યુઅલ જગતના અભિનેતાઓ સાથે તાદાત્મ્ય સાધવાના વિચારો પણ કરી બેસે છે. જાણે એ રીતે બરાબરી કરતી, પોતાનો પક્ષ લેતી અનુભવાય છે. પણ તરત પોતાની અંદરની સ્ત્રીની વેધક દલીલ - 'હું ભારતીય સ્ત્રી છું તો શું મારા પતિ ભારતીય પુરુષ નથી?' નાયિકા અહીં પોતાની જ ભીતર પોતાના અસ્તિત્વને બે ભાગમાં વિભાજીત થતું અનુભવે છે. રહી રહીને તેને એક જ વાતનું સ્મરણ થાય છે કે ભલે હળવાશમાં કે મજાકમાં પણ પતિએ અન્ય સ્ત્રીઓ સાથે સંગાથની ઈચ્છા દર્શાવી હતી. ટી.વી. જોઇને, ફિલ્મો જોઇ જોઈને પોતાને અભિનેત્રી જેવાં વસ્ત્ર પરિધાન માટે, ટાપટીપ કરવા કહેલું. તે અનુભવે છે કે બંને વચ્ચે અવિશ્વાસ નથી પણ બંને વચ્ચેના અંતરાલનું કારણ અસંતોષ તો છે જ. પતિના મિજાજ વિશે આલેખાયેલ આછેરાં સંકેતો પણ મહત્વના પુરવાર થાય છે. વાર્તામાં અલ્લડ, થોડીક નખરાળી એવી વિધવા કામવાળી બેધડક નાયિકા સમક્ષ કબૂલાત કરે છે - છાના છપના ચાલતા પોતાના દિયર સાથેના પ્રણયસંબંધની. ભરજુવાનીમાં પ્રવેશેલી ગંગા તો માને છે - મરનાર પાછળ ઓછું જ મરાય છે કઈ? ગંગા કહેવાતી પછાત વસ્તીમાંથી આવે છે, નિમ્નસ્તરની છે અને જ્યાં રહે છે તેની આસપાસના પુરુષો લંપટ અને સ્ત્રીલોલુપ છે, તકસાધુ છે અને છતાં ગંગાએ ન તો પુરુષ જાત પરથી વિશ્વાસ ગુમાવ્યો છે, ન તો પ્રેમ પરથી અને ન તો જીવનમાંથી શ્રધ્ધા ગુમાવી છે. નાયિકાને પોતાને 'નાવીન્ય'વાળા પીડતા સવાલ કરતા ગંગાના આવા અર્થસભર સવાલ વધુ વેધક અનુભવાય છે. ભદ્રવર્ગના રહેવાસીઓમાં ગંગાના ચરિત્ર વિશે જાતભાતની વાતો ચર્ચાય છે, અફવાઓ સંભળાય છે. બંધ બારણે કૂટણખાનું ચલાવવાના આરોપો પણ છે. આ બધું સંભળાતું ત્યારે તે વાતોને સાચી માની લઈને એક વાર પોતાના પતિને પણ તેના કૂટણખાને મોકલી જોઇને પ્રેમનું પરીક્ષણ કરવાની જે ઈચ્છા નાયિકાની ભીતર જન્મેલી એથી તેને હવે વધુ પશ્ચાતાપ થાય છે. વર્તાંતે પોતાના લગ્નજીવનના આરંભિક વર્ષોને સ્મરતી નાયિકા અનુભવે છે કે પતિને અભિનેત્રી નહીં, પણ જીવનરસથી ભરી ભરી પત્નીની શોધ છે. વર્ષો પૂર્વે ખોવાઈ ગયેલી જાતને શોધી નાંખતી અને પતિને એવી પત્ની શોધી આપતી નાયિકા શયનખંડ તરફ જાય છે તે વાર્તાનો સુખાંત. નોંધવા જેવો મુદ્દો એ પણ છે કે સમય ગમે તેટલો બદલાયો હોય. આધુનિકતા ગમે તેટલી આવી હોય કે વ્યવહાર ગમે તેટલો 'મોડર્ન' બન્યો હોય પણ આજે પણ નોકરી કરતી સ્ત્રી હોય તોય જાતીયતાની ચર્ચા તેણે ભદ્ર ઘરના ભણેલા લોકની જગ્યાએ કામવાળી સાથે કરવી પડે! એ પણ એક વાસ્તવ.

એકવીસમી સદીમાં નવોદિત વાર્તાકાર નીતા જોશીની વાર્તા 'ખુલ્લી હવા'માં નાનીને મળતી દોહિત્રી, પપ્પાના કડકાઈથી રૂંધાતી મા અને મુક્ત જીવન જીવતી નાનીના જીવનની તુલના કરતી રહે છે અને છેવટે તે નાનીના જીવનને આદર્શ તરીકે મનોમન સ્વીકારે છે. ધીરુબહેન પટેલની

વાર્તા 'સાતસો ફૂટની ટેકરી'માં કોઈક સમયને શોધતી નાયિકાને મન 'એ જ' સમય તેની સંપત્તિ બની રહે છે. સ્ત્રી નોકરી કરતી થઇ છે તો સામે શોષણની નવી પરિભાષા સામે આવી છે તે છે આર્થિક શોષણ. હરેશી નાગ્રેચાની વાર્તા 'ખીંટી'માં પોતાની જરૂરિયાતોને ટીંગાડતા કુટુંબ માટે કમાતી દીકરીની સ્ત્રીત્વ જ  ખીંટી સમાન જ બની રહે છે તેની વાત ખૂબ માર્મિક રૂપે કહેવાઈ જ છે. આજની વાર્તાઓએ બાળકો તથા કિશોરાવસ્થાના બાળકોના જગતમાં ડોકિયું કર્યું છે. અનિલ વ્યાસની વાર્તા 'છૂટાછેડા' હોય કે પારુલ કંદર્પ દેસાઈની વાર્તા 'રિયાની મમ્મા' હોય કે યૌન શોષણના પ્રશ્નોને રેણુકા પટેલ દ્વારા 'હું આલોક જોશી' સંદર્ભે જોઈ શકાય.

ડાયસ્પોરા જગતની વાર્તાઓમાં વળી એક નવું વિશ્વ પ્રગટે છે. નિલેશ રાણાની 'ડાંસ ઇન્ડિયાડાંસ' કે 'બારી' જેવી વાર્તાઓ હોય, મધુ રાયની વાર્તા 'હાઈજેકર' કે 'કૉલ સેન્ટર કોચિંગ ક્લાસ' હોય કે સુમન શાહની 'બનાવ' વાર્તા હોય કે હરનિશ જાનીની 'ઓપેન હાઉસ' હોય કે પન્ના નાયકની 'નોટ ગિલ્ટી' કે 'વીતેલી ક્ષણોના ઝરૂખામાં' જેવી વાર્તાઓ હોય. જીવનરીતિ સંદર્ભે અનુભવાતી સમય તથા સંવેદનની સંકુલતા નોખી રીતે ઝિલાય છે. આમ,ગુજરાતી ટૂંકી વાર્તામાં બદલાયેલ સ્ત્રીજીવનનાં વિવિધ રૂપો સુપેરેચિત્રિત થયાં છે જેની નોંધ લેવી ઘટે.